બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે ઉચ્ચતર પગાર ધોરણની યોજના.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૦-મ ,
સચિવાલય ,ગાંધીનગર.
તા. ૩૧-૩-૧૯૯૪.

ઠ રા વ :-

નાણા વિભાગના તા. ૫-૭-૯૧ ના સરકારી ઠરાવ ક્રમાંક: એઓપી-૧૦૯૧-૩-મ ના ફકરા-૧૦ થી એવી જોગવાઇ કરવામાં આવી છે કે જેમણે કોઇપણ કારણસર બઢતી જતી કરી હોય તેમને ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ આપી શકાય નહિ. ત્યાર બાદ તા. ૨૫-૧-૯૩ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૩-૨૩-મ થી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે તા. ૧-૧-૮૭ ના રોજ કે તે પહેલાં કે તે પછી જે જગ્યા પર કર્મચારી હોય તે અને તે જગ્યા પરથી તેને બઢતી આપવામાં આવી હોય અને તેનો અસ્વીકાર કર્યો હોય તેવા કિસ્સાઓમાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળી શકે નહિ.

૨. કર્મચારીઓના મંડળો તરફથી એવી રજુઆતો સરકારને મળી હતી કે તારીખ ૫-૭-૯૧ પહેલાં જયારે ઉચ્ચતર પગાર ધોરણની યોજના અમલમાં ન હતી તે સમયે બઢતીનં અસ્વીકાર કરનાર કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણના લાભથી વંચિત રાખવો જોઇએ નહિ.,

૩. મંડળની રજુઆત ઉપર સરકારે સહાનુભુતિપૂર્વક વિચારણા કરી અને બઢતી જતી કરવાના કારણે કર્મચારી તેની પ્રવરતા ( Seniority ) ગુમાવે અને પરિણામે તેને તેના જુનીયરનો પગાર મળી શકે નહીં તે બાબત ધ્યાનમાં લેતાં પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે તા. ૫-૭-૯૧ પહેલાં જો કોઇ કર્મચારીએ તેને આપવામાં આવેલ બઢતીનો કોઇપણ કારણોસર અસ્વીકાર કર્યો હોય, પરંતુ તારીખ: ૫-૭-૯૧ ના ઠરાવની અન્ય શરતો પરિપૂર્ણ થતી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે. તા. ૫-૭-૯૧ પછી કોઇ પણ કારણોસર પછી તે અંગત કારણો

..૨..

હોય,બિમારીને કારણે હોય, વહીવટી (એટલે જેમ કે ટુંકા ગાળા માટેની બઢતી હોય ) કારણોસર કે અન્ય કોઈ કારણસર બઢતી જતી કરી હોય તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહિ.

ઉપરના ફકરા-૩ માં બઢતી જતી કરનાર કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો લાભ નીચેની શરતોને આધીન રહેશે.

(૧) આ રીતે, તા. ૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરનાર કર્મચારીને આ ઠરાવની જોગવાઈ અનુસાર ૯-૧૮-૨૭ ની યોજનાનો લાભ આપવામાં આવે અને તે કર્મચારીનો પગાર ઉચ્ચતર પગાર ધોરણમાં જે નક્કી થાય તે પગાર તેના જુનીયર કર્મચારી કરતાં કે જેણે બઢતી સ્વીકારી હતી તેના કરતાં ઓછો થાય તેવા કિસ્સામાં તે જુનીયર કર્મચારીના પગાર ધોરણનો/ સ્ટેપીંગ અપ કે જુનીયરને મળેલ અન્ય પગાર ભથ્થાંનો હકક દાવો કરી શકશે નહિ. દા. ત. તારીખઃ- ૧-૧-૧૯૮૬ ના રોજ સીનીયોરીટી લીસ્ટ ઉપરના ક્રમ-૧ થી ૧૦ ઉપરના કર્મચારીઓને બઢતી આપવામાં આવી હોય અને આ પૈકી ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓએ બઢતી સ્વીકારી ન હોય, હવે આ આદેશોના કારણે ક્રમાંકઃ૩ અને ૬ સામેના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તો તેમના જુનીયર કર્મચારીઓ કે જેમને અગાઉ બઢતી મળી ગઈ છે. તેમના કરતાં ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓને પગાર ઓછો નિયત થાય તો પણ તેઓ સ્ટેપીંગ અપ માટે હકકદાર થશે નહીં.

(૨) તા. ૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરના કર્મચારીને આ રીતે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે ત્યારે લાભ મેળવનાર કર્મચારીએ આ ઠરાવ સાથેના જોડાણ મુજબનું બાંહેધરી પત્રક સક્ષમ અધિકારીને આપવાનું રહેશે. આવું બાંહેધરી પત્રક મળ્યા બાદ જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરનાર સક્ષમ અધિકારીએ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૪. સરકારી મંડળો ધ્વારા સરકાર સમક્ષ એવી પણ રજુઆત કરવામાં આવી હતી કે જે તે પગાર ધોરણ અને સંવર્ગમાં કર્મચારીએ ફરજ બજાવી હોય અને તે જ પગાર ધોરણમાં પણ અન્ય સંવર્ગમાં તેની બદલી થાય તો અથવા સંવર્ગનું નામાભિધાન બદલાય , અથવા તો તે સંવર્ગને અન્ય સંવર્ગમાં અંતર્ગત ( Encadre ) કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં આગલા સંવર્ગની સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ આપવા માટે ગણતરીમાં લેવી જોઈએ. સરકારે મંડળની આ માગણી પણ સહાનુભુતિપુર્વક વિચારી છે અને પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારે કર્મચારીની સ્વ-વિનંતી સિવાયની જે એકાકી ( Isolated ) સંવર્ગોને અન્ય સંવર્ગોમાં અંતર્ગત ( Encadre ) કરી દીધા છે તેવા અથવા હવે પછી અંતર્ગત ( Encadre ) કરવામાં આવે તેવા સંવર્ગોને અગાઉના એકાકી ( Isolated ) સંવર્ગની સેવા અથવા તો એવા સંવર્ગો કે જેનું પગાર ધોરણ સમાન હોય પણ નામાભિધાન બદલાયું હોય તો તેવી સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ધ્યાનમાં લઈ શકાશે. એ જ રીતે વ્યક્તિગત કિસ્સામાં પણ સરકારે જો જાહેર હિતમાં કર્મચારીને એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં બદલી કરી હોય અને આ જગ્યાઓનું પગાર ધોરણ સમાન હોય તો બંને સંવર્ગોમાં બજાવેલ સેવા ૯-૧૮-૨૭ ની ઉચ્ચતર પગાર ધોરણની યોજના માટે અન્ય શરતોને આધીન રહી ગણતરીમાં લઈ શકાશે. આ માટે સંબંધિત કચેરીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે. કે, સંબંધિત કર્મચારીનું સંવર્ગ જાહેર હિતમાં બદલાયેલ છે.

૫. ઉપર જણાવ્યા મુજબ કર્મચારીનું સંવર્ગ કે સંવર્ગનું નામાભિધાન જાહેર હિતમાં સરકાર ધ્વારા બદલવામાં આવે કે બદલવામાં આવ્યું હોય તો તેવા કિસ્સામાં જ અગાઉના સંવર્ગની સેવા ગણતરીમાં લેવાની રહે છે.

દા. ત. ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટરના સંવર્ગને સરકારે કારકુનના સંવર્ગમાં સામેલ કરેલ છે. જો ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટર તરીકે બજાવેલ સેવાને ટેલીફોન ઓપરેટર કે કોમ્પ્યુટરની પ્રવર્તતા માટે ગણાતી હોય અને માન્ય પધ્ધતિ ધ્વારા ભરતી કરવામાં આવેલ હોય તો તે સેવાને કારકુનના સંવર્ગમાં મુકયા છતાં અગાઉની સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે. પરંતુ, કોઈ કર્મચારી પોતાની સ્વ-વિનંતીથી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં બદલી કરાવે કે સંવર્ગ બદલાવે અને પોતાની પ્રવર્તતા ગુમાવે તે સંજોગોમાં તેની અગાઉની સેવાનો લાભ ઉચ્ચતર પગાર ધોરણ માટે મળી શકશે નહીં. આ અંગે વિગતવાર ઉદાહરણો નીચે મુજબ છે.

ઉદાહરણઃ- એક ડ્રાયવર-સ્વ-વિનંતીથી સંવર્ગ બદલીને કારકુન સંવર્ગમાં આવે છે આ ડ્રાયવર કારકુન સંવર્ગમાં આવતા, ડ્રાયવર સંવર્ગમાંથી પ્રવરતા ગુમાવશે. હવે, કારકુન સંવર્ગમાં પ્રવરતા યાદીમાં સૌથી નીચે મુકાશે. કારકુન સંવર્ગ પર ૫૦૦ કર્મચારી છે. આ ડ્રાયવરે પ્રવરતા ગુમાવેલ હોવાથી, કારકુનની પ્રવરતા યાદીમાં ક્રમ-૫૦૧ મેળવશે. આ ડ્રાયવરે સંવર્ગમાં ૮(આઠ) (ડ્રાયવર) વર્ષની સેવા બજાવેલ છે. હવે ડ્રાયવર સંવર્ગના ૮ વર્ષ અને કારકુન સંવર્ગના ૧ વર્ષ એમ કુલ ૯ વર્ષ ગણવાના રહેશે નહીં. કારકુન સંવર્ગમાં હાજર થયા બાદ ૯ વર્ષની કારકુનની સેવા બજાવ્યા બાદ જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું છે.

ઉદાહરણઃ- એક કર્મચારી સ્વ-વિનંતીથી ખેડા જીલ્લો બદલીને અમદાવાદ જીલ્લામાં આવે છે. આ કર્મચારી પ્રવરતા ગુમાવે છે. અમદાવાદ જીલ્લામાં પ્રવરતા યાદી પર ૫૦૦ કર્મચારી છે. આ કર્મચારીએ પ્રવરતા ગુમાવેલ હોવાથી અમદાવાદના કર્મચારીની પ્રવરતા યાદીમાં ક્રમ-૫૦૧ મેળવશે. આ કર્મચારીએ ખેડા જીલ્લામાં ૮ વર્ષની સેવા બજાવેલ છે. હવે અમદાવાદ જીલ્લામાં હાજર થયા બાદ ૯ વર્ષની સેવા બજાવ્યા બાદ જ ઉચ્ચતર

પગાર ધોરણ મંજુર કરવાનું છે. એટલે કે અમદાવાદમાં હાજર થયા બાદ ૧ વર્ષની સેવા કર્યા બાદ ખેડા જીલ્લાના ૮ વર્ષ અને અમદાવાદ જીલ્લાના ૧ વર્ષ એમ કુલ ૯ વર્ષ ગણવાના રહેશે નહીં. આ અંગે નાણા વિભાગના તા. ૧૬-૧૦-૬૩ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૬૩-૩૬-મ ના પારા-૫ થી કરવામાં આવેલ ઉપબ્ધતા તરફ પણ ધ્યાન દોરવામાં આવે છે.

૬. સંવર્ગ બદલાયા છતાં પણ જે કિસ્સામાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ઉપર જણાવ્યા મુજબ મળવાપાત્ર છે તે કિસ્સામાં બદલાયેલા સંવર્ગમાં એવા કર્મચારીઓ પ્રવરતા ગુમાવતા હોવા છતાં પણ આ લાભ મળતો હોવાથી નાણા વિભાગના તા. ૬-૫-૬૨ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૬૨-૧૬-મ ના પારા-૨ ની જોગવાઈમાં તેટલે અંશે ખાસ છુટછાટ ( Special relaxation ) મુકેલી ગણાશે. પરંતુ આ છુટછાટના કારણે એવું પણ બને કે નવા સંવર્ગમાં તેની પ્રવરતા નીચે જાય. પરિણામે તે સંવર્ગમાં કામ કરતા અન્ય પ્રવર કર્મચારી કરતાં તેનો પગાર વધુ થાય. પરંતુ નિયમોની જોગવાઈમાં છુટછાટ મુકીને ખાસ કિસ્સા તરીકે આ કર્મચારીને આ લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઈ, તે માટે અન્ય પ્રવર કર્મચારી સ્ટેપીંગ અપ માંગી શકશે નહીં. ઉદાહરણઃ એક ''અ'' કર્મચારી ટેલીફોન ઓપરેટર તરીકે સાત વર્ષથી ફરજ બજાવે છે અને તેને કલાર્કના સંવર્ગમાં અંતર્ગત ( Encadre ) કરવામાં આવે છે. આ આદેશોના કારણે ''અ'' કર્મચારી બે વર્ષ બાદ કલાર્કના સંવર્ગમાં ૯ વર્ષ પુરાં કરતો હોઈ, પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવાને પાત્ર બને છે. પરંતુ કારકુનના સંવર્ગમાં તેની પ્રવરતા ''બ'' કર્મચારી કરતાં પાછળ હશે. એટલે કે ''અ'' કર્મચારી જુનીયર કર્મચારી બને છે. ''બ'' કર્મચારીએ કારકુનના સંવર્ગમાં માત્ર વણ વર્ષની નોકરી કરી હોય તો

..૬..

''બ'' કર્મચારી ''અ'' કર્મચારીનો સીનીયર હોવા છતાં ઓછો પગાર મેળવશે. કારણ કે તેને ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ ૬ વર્ષની નોકરી પછી મળી શકશે. તો તેવા કેસમાં ''અ'' કર્મચારીનો પગાર ''બ'' કર્મચારી કરતાં વધુ હોવા છતાં ''બ'' કર્મચારી ''અ'' કર્મચારી સામે સ્ટેપીંગ અપ માંગી શકશે નહીં.

૭. સરકારના તા. ૧૧-૧૦-૯૧ ના ઠરાવ ક્રમાંકઃ એઓપી-૧૦૯૧-૨૦-મ ના ક્રમ-૫ થી સ્ટેપીંગ અપ આપવા માટે જે સ્પષ્ટતા કરવામાં આવી છે તે સ્પષ્ટતા આવા કિસ્સાઓમાં સંવર્ગ/નામાભિધાન બદલાવાને કારણે જુનીયર કર્મચારી સીનીયર કર્મચારી કરતાં વધુ પગાર મેળવે તો પણ સ્ટેપીંગ અપનો લાભ આપી શકાશે નહીં. એટલે કે સદરહુ ઠરાવની સ્પષ્ટતા આ કેસમાં લાગુ પડાશે નહીં.

૮. સરકારે નાણા વિભાગના તા. ૨૩-૩-૯૧ અને તા. ૧૮-૧૨-૯૧ ના જાહેરનામાના ક્રમાંકઃ(જીએન-૮)એઓપી-૧૦૯૧-૨-મ અને (જીએન-૪૪) એઓપી-૧૦૯૧-૩૦-મ થી કેટલાક સંવર્ગોને અંર્ગત ( Encadre ) કરવાના આદેશો કર્યા છે. આ આદેશો નામદાર વડી અદાલત, ગુજરાત, અમદાવાદ ખાતે ખાસ દિવાની અરજી ક્રમાંકઃ ૨૧૪૧/૯૨ અને ક્રમાંકઃ ૩૯૧૧/૯૩ દ્વારા પડકારવામાં આવેલ છે. જે વડી અદાલત સમક્ષ પડતર છે. આ આદેશો આ દિવાની અરજીઓમાં જે આખરી નિર્ણય આવે તેને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અ. બ. પઠાણ )
નાયબ સચિવ,
નાણા વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

x માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.

માન. સર્વે મંત્રીશ્રીઓના/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના/સંસદીય સચિવશ્રી--ઓના/વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રીઓ.

x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

x સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

x સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

x રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ગુજરાત, (ઓડીટ) અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (એ.એન્ડ ઈ.)રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (એ.એન્ડ ઈ.) અમદાવાદ.

સીનીયર ડેપ્યુટી, એકાઉન્ટન્ટ જનરલ(ઓડીટ), રાજકોટ.

સર્વે ખાતાના વડાઓ, જીલ્લા કલેકટરશ્રીઓ, જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના,ગાંધીનગર/વડોદરા.

સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ,

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

નાણા વિભાગની સર્વે શાખાઓ.

પસંદગી ફાઈલ, નાણા વિભાગ, મ-શાખા.

---

x પત્ર ધ્વારા.

નાણા વિભાગના તા. ૩૧-૩-૧૯૬૪ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૬૪-૪૦-મ ના
પારા-૨ મુજબનું જોડાણ :-

## જોડાણ- ૧ (બાંહેધરી પત્રક )

પ્રતિ,

હું..............................કચેરીમાં................
ખાતે ................................ તરીકે નોકરી કરું છું.

૨. મેં નાણા વિભાગના તા. ૩૧-૩-૬૪ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૬૪-૪૦-મ ની જોગવાઈ વાંચી છે. આથી હું આ ઠરાવમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉં છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મેં તા. ૫-૭-૬૧ પહેલાં બઢતી જતી કરી હતી, છતાં સરકારના તા. ૩૧-૩-૬૪ ના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર-૧૧૬૪-૪૦-મ, અન્વયે મને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવશે તો મારા જુનીયર કર્મચારી કે જેમણે બઢતી સ્વીકારી હતી અને પરિણામે તેમને મારા કરતાં વધુ પગાર ભથ્થાં મળ્યા હોય કે મળે કે મળશે તો તે માટે તેની સરખામણી કરી પગાર નિયત કરવા હું કોઈ હકક દાવો કરીશ નહીં.

સ્થળ:-
તારીખ:-

કર્મચારીની સહી ...............
કર્મચારીનું નામ ...............
કર્મચારીનો હોદ્દો ...............
કચેરી ...............

ખાસ નોંધ :- આ બાંહેધરી ખતમાં કોઈ પણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કાર્યવાહી કોઈપણ કચેરી/ કર્મચારી દ્વારા કરી શકાશે નહિ.